**DATE: 09/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચના નિઝામવાડીમાં એક મહિના પહેલાં ચોરી કરનાર આરોપી ઝડપાયો



ભરૂચ: ચોરીનો મુદ્દામાલ વેચવાની પેરવીમાં ફરતા તસ્કરને ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે ઝડપી પાડી ચોરીના ગુનાના ભેદ ઉકેલવા સાથે પોણા બે લાખ રૂપિયા આસપાસનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. ભરૂચ શહેરમાં આવેલ એક મહિના પહેલાં નિઝામવાડી ખાતે થયેલી ચોરીના બનાવમાં ચોરીનો બન્યો હતો. ગત તા.૯ જૂન ૨૦૨૨ના રોજ ભરૂચ શહેરમાં આવેલ નિઝામવાડી ખાતે રાત્રિના સમયે કોઈ અજાણ્યો ઈસમ બંધ મકાનના દરવાજાનું તાળું તોડી દરવાજો ખોલી ઘરમાં પ્રવેશ કરી એક લોખડની તિજોરીના લોક તોડી તિજોરીમાં રાખેલ સોનાના દાગીના તથા રોકડા રૂપિયાની મત્તા મળી કુલ રૂ.૧.૪૮ લાખની ચોરી કરી કરતા ગુનો નોંધાયો હતો. સમગ્ર ઘટના અંગે ભરૂચ બી-ડિવિઝન પોલીસે ભેદ ઉકેલવામાં સફળ રહી છે. પોલીસે બાતમીદાર તરફથી બાતમી મળી હતી કે નિઝામવાડી ખાતે બંધ મકાનમાં સોનાના દાગીના તથા રોકડા રૂપિયાની ચોરીના ગુનામાં સંડોવાયેલ ઈસમ મુદ્દામાલ વેચવાની પેરવીમાં છે અને તે હાલ બંબાખાના સર્કલ થઈ પાંચબત્તી તરફ ચોરીના દાગીના વેચવા નીકળ્યો છે". બાતમી આધારે સર્વેલન્સ સ્ટાફે વોચ ગોઠવી હતી. જેમાં સંડોવાયેલો ચોર બંબાખાના સર્કલ પરથી ચાલતો ચાલતો પસાર થતા અટકાવીને તપાસતાં ચોરીનો તમામ મુદ્દામાલ જોવા મળ્યો હતો. પૂછપરછમાં આ વ્યક્તિએ પોતાનું નામ કાર્તિક વિનોદ મિસ્ત્રી (ઉં.વ.૨૩) (રહે., વેજલપુર નિઝામવાડી, બંબાખાના, ભરૂચ)ના નામની કબૂલાત કરી હતી. આરોપી પાસેથી સોનાનું પેન્ડલ, સોનાની બુટ્ટી, સોનાનું લોકેટ મળી કુલ ૨૫ ગ્રામ સોનું, રોકડા રૂપિયા 38000 મળી કુલ ૧.૬૮ લાખનો મુદ્દામાલ કરાયો હતો.

**DATE: 09/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**



અશોક રાવલ

# હાંસોટમાં પોલીસની ફ્લેગ માર્ચ યોજાઈ

હાંસોટઃ હાંસોટ ખાતે નગરમાં પીએસઆઈ ચૌહાણની આગેવાની હેઠળ ફ્લેગ માર્ચ નીકળી હતી. આવનારા દિવસોમાં મોહરમ તથા રક્ષાબંધનના ત્યોહારને અનુલક્ષીને હાંસોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે એ માટે હાંસોટના તમામ વિસ્તારોમાં ફ્લેગ માર્ચનું આયોજન હાંસોટ પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું.

**DATE: 09/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં શ્રાવણિયો જુગાર રમતાં 11 જુગારી ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના આલુંજ ગામના દેવાળ ફળીયામાં રહેતી મહિલા સુમીબેન ઉર્ફે અનીતાબેન અનીલભાઇ વસાવા પોતાના ઘરમાં બહારથી માણસો બોલાવી જુગારધામ ચલાવે છે જેવી બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડા પાડ્યા હતા. જ્યાં પોલીસે સ્થળ પરથી રોકડા ૬૬ હજાર અને બે બાઈક, આઠ મોબાઈલ ફોન મળી કુલ ૧.૫૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી સુમીબેન વસાવા, રીયાઝ ઇલ્યાસ માસ્તર, અલ્પેશભાઇ વસાસા, શોકત મહમંદભાઇ જોગીયાર, સોજેલ ઇલ્યાસભાઇ ટોપીયા અને ઇદરીસ યાકુબ જોગીયાર, વીરલસિંહ છત્રસિંહ ડોડીયા, જાવેદભાઇ ઇબ્રાહીમભાઇ ટોપીયા સહીત ૧૧ જુગારીને ઝડપી પાડી તાલુકા પોલીસને હવાલે કરી વધુ તપાસ

**DATE: 09/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# પાણેથામાં જુગાર રમતા ચાર ઝડપાયા

**રૂ.16,160નો મુદ્દામાલ કબજે, 5 ઇસમ પોલીસની રેઇડ જોઇને રફુચક્કર**

ઝઘડિયાઃ ઝઘડિયાના પાણેથા ગામે ઘરની પાછળના ખુલ્લા વાડાની જગ્યામાં બલ્બના અજવાળામાં બેસીને જુગાર રમતા ચાર ઇસમોને પોલીસે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય પાંચ ઇસમ પોલીસની રેઇડ જોઇને નાસી છૂટ્યા હતા.

ઉમલ્લા પોલીસના પીએસઆઇ એન.જે.ટાપરિયા અને ટીમ દ્વારા બાતમી મુજબના સ્થળે પાણેથા ગામે છાપો મારતા ઘટના સ્થળેથી અલ્તાફ મલંગ મલેક, રાજેશ રણછોડ વસાવા, કાલીદાસ ચંદુ વસાવા તેમજ આસીફ હબીબ પઠાણ (તમામ રહે.,પાણેથા) પાસેથી કુલ રૂ.૧૬૧૬૦નો મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપાઇ ગયા હતા. જ્યારે અન્ય પાંચ ઇસમ સંજય ઠાકોર વસાવા, મકબુલ બચુ દિવાન, અવિનાશ રમેશ વસાવા, ચાંદખા ઇમામખા પઠાણ તેમજ લાલા ગણપત તડવી (તમામ રહે.,પાણેથા, તા.ઝઘડિયા)ના પોલીસની રેઇડ જોઇને ભાગી છૂટ્યા હતા.

જાહેર ન
આસીસ્ટન્ટ કલેક્ટર અને સબ-ડીવીઝનલ મે

**DATE: 09/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### સિટી પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક મળી

# અંકલેશ્વરમાં તાજિયા જુલૂસ નિયત સમયે કાઢવા અપીલ

### રૂટ તથા અન્ય પ્રશ્ન અંગે આગેવાનોના સૂચન

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેર પોલીસ મથકે શાંતિ સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં તાજીયાના આયોજકોને જુલુસ નિયત સમયે નીકળે તે જોવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો.

મંગળવારના રોજ તાજીયા અને ગુરૂવારના રોજ રક્ષાબંધનનો તહેવાર આવી રહયો છે ત્યારે અંકલેશ્વર શહેરમાં કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે શાંતિ સમિતિની બેઠક મળી હતી. બંને સમાજના તહેવારો શાંતિ પૂર્ણ રીતે અને સમયસર પૂર્ણ થયા તે માટે બેઠકમાં ઉપસ્થિત રહેલાં આગેવાનોને અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં ડીવાયએસપી ચિરાગ દેસાઈ સહિત અન્ય પોલીસ અધિકારીઓ હાજર રહયાં હતાં. ખાસ કરીને તાજીયાના જુલુસ નિયત સમયે નીકળી જાય તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે જોવા તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત જુલુસના રૂટ તથા અન્ય પ્રશ્નો અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. તાજીયા કમિટી પ્રમુખ બખ્તિયાર પટેલ, પ્રોસેસ પ્રમુખ નૂર કુરેશી. સેક્રેટરી વસીમ ફડવાળા સહિત કૌસર કુરેશી અમન ઉલ્લાંખાંપઠાણ સહીત હરેન્દ્ર પુષ્કર્ણા ,જીતુભાઈ પટેલ સહીતના આગેવાનોએ બેઠકમાં હાજર રહી જરૂરી સુચનો કર્યા હતાં.

**DATE: 10/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ઝઘડિયામાં KLJ કંપનીમાંથી ૧૧ દિવસ પહેલાં ચોરાયેલો સામાન દધેડાની ભંગારની દુકાનમાંથી મળ્યો

**રૂ.૨,૯૦,૧૫૦નો મુદ્દામાલ કબજે, કંપનીએ ત્રણ ઇસમ સામે ગુનો નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી**

ઝઘડિયાઃ ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલી KLJ કંપનીમાંથી ૧૧ દિવસ પહેલાં રૂ.૩,૭૨,૯૫૦ મત્તાના પ્રોજેક્ટમાં વપરાતા સામાનની ચોરી થઈ હતી. આ મુદ્દે આખરે કંપની દ્વારા ચોરાયેલા સામાનની ઝઘડિયા પોલીસમાં તા.૮ ઓગસ્ટે ગુનો નોંધતી વખતે લખાવતી વખતે તેઓને જાણવા મળ્યું કે, દધેડા ખાતે રહેતો યુપીનો ગુફરાન મુખ્તાર જવાહીરખાન ઇસમ પોલીસે એસ.એસ.નાં સાધનો સાથે અટક કરી છે.

પોલીસે ઝડપાયેલો મુદ્દામાલ કંપનીના જવાબદાર કર્મીને બતાડતાં KLJ કંપનીનો હોવાનું ઘટસ્ફોટ થયો હતો. જો કે, પોલીસે ઝડપાયેલા ઇસમ પાસેથી વિગતો બહાર આવતાં જણાવ્યું હતું કે, અંકલેશ્વરના ભંગારના વેપારી મોહનલાલ રામકિશન ગુપ્તાની દધેડા મુકામે ભંગારની દુકાને બેસતો હોવાથી તલોદરા ગામે સતીષ મોહન વસાવા વેચાતું આપી ગયો હોવાની વિગતો આપી હતી. પોલીસે રૂ.૨,૯૦,૧૫૦નો મુદ્દામાલ સાથે ગુફરાનની ધરપકડ કરી હતી.

સમગ્ર ઘટના અંગે કંપનીના આસિસ્ટન્ટ મેનેજર વિરેન્દ્ર ચૌહાણ દ્વારા ઝઘડિયા પોલીસમાં ફરિયાદ આપતા ઝડપાયેલો ગુફનાર મુખ્તાર જવાહીરખાન, તલોદરાનો સતીષ મોહન વસાવા, વેપારી મોહનલાલ રામકિશન ગુપ્તા વિરુદ્ધમાં ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાં ભંગારના જથ્થા સાથે બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની સુકાવલી ડમ્પિંગ સાઈડ નજીક શંકાસ્પદ ભંગાર ભરી જતી રીક્ષા નજરે પડી હતી. જે આધારે પોલીસ જવાનો એ રીક્ષા રોકી તેની પાસે રહેલ લોખંડ ભંગાર ની પાઈપ ના ટુકડા અંગે જરૂરી બિલ તેમજ પુરાવા માંગતા રીક્ષામાં બેઠેલા આંબોલી ના સતીશ વસાવા, સંજય વસાવા અને હિતેન્દ્ર ઉર્ફે પિન્ટુ વસાવા ગલ્લા-તલ્લા કરવા લાગ્યા હતા જે આધારે પોલીસે શંકાસ્પદ ભંગાર નો 58 કિલો નો જથ્થો કિંમત રૂપિયા 1160 અને રીક્ષા મળી 61.160 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને યુવાનોની પુછપરછ શરૂ કરી છે. જેમાં વધુ વિગતો બહાર આવવાની શક્યતાઓ છે.

**DATE: 11/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે બે સ્થળેથી 29 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# જીતાલી-પાનોલીમાં જુગાર રમતાં 3 ઝડપાયા, એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસે જીતાલી અને પાનોલી ખાતેથી આંક ફરકનો જુગાર રમાડતા 3 ઈસમને ઝડપી પાડ્યાં હતા. જ્યારે 1 વોન્ટેડ જાહેર કર્યો હતો. તેમજ બંને સ્થળે થી 29 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા પોલીસે જીતાલી ગામ ખાતે ચાલતા આંકડાના જુગારના અડ્ડા પર દરોડા પાડતા નાસિર સાલેયખન દીવાન પઠાણને રહે હાથ ઝડપી પાડ્યો હતો. જે લોકો પાસે ટી રૂપિયા લઈ આંક લખી અંકલેશ્વર શહેર તાડ ફળીયાના વિશાલ ઠાકોર વસાવાને મોકલી અપાતો હતો. જે આધારે પોલીસે તેની પાસે થી આંક ફરકના જુગાર ના સાધનો અને રોકડ મળી 13,840 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને નાસિર સાલેયખન દીવાન પઠાણ ધરપકડ કરી હતી જ્યારે તાડ ફળીયાના વિશાલ ઠાકોર વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ઉપરાંત તાલુકા પોલીસે એ પાનોલી જીઆઈડીસીમાં આવેલ આર.એસ. પી.એલ કંપની પાસે પણ આંક ફરકના જુગારના અડ્ડા પર દરોડા પાડ્યા હતા જ્યાં જુગાર રમાડતા અંકલેશ્વર ફૈઝ પાર્કના મોહમદ આશીફ ઉર્ફે શાહરુખ મોહંમદ શબીર શેખ અને આર.એસ. પી.એલ કંપની નજીક જ રહેતા શંકર કેશવાલા પંડ્યાને ઝડપી પાડ્યા હતા તેમની પાસેથી આંક ફરક રમવાના સાધનો તેમજ રોકડ રૂપિયા 15 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બંનેની ધરપકડ કરી તાલુકા પોલીસ મથકે લઈ આવી હતી. આ આંક લખી તેઓ કોને મોકલી રહ્યા હતા તે અંગે પોલીસે વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 11/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### 5 ગેસ બોટલ, બે વજનકાંટા સહિતનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં 4 દિવસમાં 3 સ્થળે ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ દ્વારા સારંગપુરના મીરાનગર વિસ્તારમાં આવેલ મારુતીધામ-2માં ચોક્કસ માહિતી આધારે પ્રતાપ રામજી નિમ્બાજી બોલિવાલની દુકાન માં દરોડા પાડ્યા હતા. જ્યાં ગેસ બોટલ માંથી નાની બોટલમાં ગેસ રિફિલિંગ કરતા દુકાનદાર પ્રતાપ રામજી ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસે થી 2 ગેસ ની બોટલ, વજન કાંટો અને ગેસ રિફિલિંગ કરવાના પાઇપ મળી 5100 રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

આ ઉપરાંત બીજા દિવસે પણ સર્ચ ચાલુ રાખતા પોલીસે મીરા નગર ખાતે પાકીઝા હોટલ બાજુમાં ખુશી વાસણ ભંડારની દુકાનમાં સર્ચ કરતા ગેસ રિફિલિંગ કરતા દુકાનદાર રામનિવાસ ઉર્ફે ચીકુ શિવ ચંદ્ર યાદવને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસે થી ગેસની 3 બોટલ તેમજ વજન કાંટો અને ગેસ રિફિલિંગ કરવાની પાઇપ મળી 5700 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બંને દુકાનદાર પાસેથી કુલ 5 ગેસ બોટલ જપ્ત કરી હતી અને 10હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે 7 ઓગસ્ટે પણ સારંગપુર ગામે મોબાઇલ એસેસરીઝની દુકાનમાંથી ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું હતું. ગેસની બોટલમાંથી નાની બોટલમાં જીવના જોખમે ગેસ રિફિલિંગ કરી વેચાણ થયું હતું.

**DATE: 11/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ઓરિસ્સાના ચારેય કેરિયર ગાંજો ગૃહમંત્રીના હોમ ટાઉન સુરત ખાતે લઈ જવાના હતાં

# ઓરિસ્સાથી વાયા અંકલેશ્વર થઈ સુરત 76 કિલો ગાંજાની હેરાફેરી કરતાં 4 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ અને જીઆઈડીસી પોલીસે વધુ એક દરોડામાં ઓરિસ્સાથી વાયા અંકલેશ્વર થઈ સુરત ગાંજાની હેરફેર કરતા 4 ઈસમને ઝડપી પાડ્યા હતા. એસઓજી અને જીઆઈડીસી પોલીસ વાલિયા ચોકડી નજીક ગાંજાનો 76 કિલોનો જથ્થો ઝડપી પાડ્યો હતો. 4 કેરિયર ઓરિસ્સાથી અંકલેશ્વર થઈ સુરત ગૃહમંત્રીના હોમ ટાઉનમાં લઈ જવાતો હતો. પોલીસે 76 કિલો ગાંજો કિ.રૂ.7.63 લાખના સાથે 4 આરોપી ટ્રાવેલિંગ બેગમાં ગાંજાની હેરાફેરી કરતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા.

વાલિયા ચોકડી થી સુરત જવાના માર્ગ ઉપર ગત રાતે 11 વાગ્યાના અરસામાં એસ.ઓ.જી પી.આઈ. વી.કે.ભૂતિયા અને પીએસઆઈ સહિતનો સ્ટાફ વોચમાં હતા.ત્યારે 4 પરપ્રાંતિયો હાથમાં ટ્રાવેલ બેગ લઈ નજરે પડ્યા હતા. જેઓને અટકાવી પૂછપરછ હાથ ધરાઈ હતી. પોલીસે તેની પાસે ની ચાર ટ્રાવેલ બેગ ખોલાવતા તેના ખાખી સેલોટ પથી વિંટાળેલા 38 પેકેટ મળી આવ્યા હતા. પોલીસે પેકેટને ખોલીને જોતાં અંદરથી નશાકારક માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે FSL ને બોલાવી તેના સેમ્પલ લેબમાં મોકલી આપ્યા હતા. જે સેમ્પલ આધારે એફ.એસ.એલ જે ઝડપાયેલ વનસ્પતિ જન્ય પ્રદાર્થ ગાંજો હોવાની પુષ્ટિ કરતા જ એસ.ઓ.જી ની ટીમ 76 કિલો 300 ગ્રામ ગાંજાનો જથ્થો કિંમત રૂપિયા 7.63 લાખને જપ્ત કર્યો હતો. અને ગાંજો લઈ આવેલ ઓરિસ્સાના ખોરદા જિલ્લાના બાનપુર તાલુકામાં આરોપી પ્રસાદ પ્રમોદ પાંડા, દિનેશ રમેશ શાહુ, મનોજ ચાંદ ભગવાન ચાંદ અને રાકેશ ગદાધર પ્રધાનની 3 મોબાઈલ સાથે કુલ રૂપિયા 7.68 લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. જીઆઈડીસી પોલીસ નારકોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે.




### પોલીસે માદક પદાર્થની હેરાફેરીની લિંક ઝડપી

તાજેતરમાં અંકલેશ્વર મીરાનગર માં થયેલ હત્યા પ્રકરણમાં ઝડપાયેલા હત્યારા પાસેથી ઝડપી પાડેલ દેશી તમંચા બિહાર થી આવ્યો હોવાનું ખુલ્યું હતું. તો અંકલેશ્વર ની યુનિયન બેંક લૂંટ માં પણ બિહારી ગેંગ ની સંડોવણી સામે આવી હતી. ગંભીર ગુના માં પરપ્રાંતીય ઈસમો હવે વધુ એક સંડોવણી સામે આવતા ઓરિસ્સા ના ઈસમો માદક પદાર્થ એવો ગાંજાની હેરાફેરી કરતા ઝડપી પાડી વધુ એક પરપ્રાંતીય ઈસમો લીક ઝડપી પાડી હતી.

### ટ્રેનમાં ઓરિસ્સાથી અંકલેશ્વર આવ્યા હતા

વાલિયા ચોકડી પાસે 4 ઈસમો ટ્રાવેલ બેગ માં ગાંજો લઈ આવ્યા હતા. તેમની પાસેથી પોલીસે 76 કિલો ગાંજો જપ્ત કર્યો હતો અને તેઓ આ ગાંજો ઓરિસ્સાથી ટ્રેનમાં બેસી અંકલેશ્વર આવ્યા હતા ત્યાંથી વાલિયા ચોકડી થઈ સુરત ખાતે જવાના હતા. આ આરોપીઓની અન્ય કોઈ લિંક છે કે કેમ તેમજ નશીલા પ્રદાર્થની હેરફેરમાં અન્ય કોઈ લિંક છે કે કેમ તે તમામ મુદે તપાસ ચાલી રહી છે. » વિકાસ સુડા, એ.એસ.પી. ભરૂચ

**DATE: 12/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એક લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

# સુરવાડી ગામે દારૂ વગે કરતો બૂટલેગર ઝડપાયો



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સુરવાડી ગામેથી શહેર પોલીસે 33 હજાર રૂપિયાના દારૂના જથ્થા સાથે એક ઇસમનેપોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા 1 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.. જ્યારે મહારાષ્ટ્ર ના એક ઇસમને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર પોલીસ નો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગ હતો તે દરમ્યાન સુરવાડી ગામે રહેતા રણછોડ ભીખા વસાવા ના ઘરે એક શખ્સ સેન્ટ્રો કાર માં ઈંગ્લીશ દારૂ લાવી સગેવગે કરવા પેરવી કરી રહ્યા હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા કાર અને ઘર માંથી 33 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે રણછોડ વસાવા ની અટકાયત કરી 60 હજારની કાર ,બે નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 1 લાખ 3 હજારનો મુદ્દામાલ કબ્જે કરી મહારાષ્ટ્ર ના સાનપ સુધાકર નામના શખ્સ ને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 12/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## એક લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

# સુરવાડી ગામે દારૂ વગે કરતો બૂટલેગર ઝડપાયો



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સુરવાડી ગામેથી શહેર પોલીસે 33 હજાર રૂપિયાના દારૂના જથ્થા સાથે એક ઈસમનેપોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા 1 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.. જ્યારે મહારાષ્ટ્ર ના એક ઈસમને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર પોલીસ નો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગ હતો તે દરમ્યાન સુરવાડી ગામે રહેતા રણછોડ ભીખા વસાવા ના ઘરે એક શખ્સ સેન્ટ્રો કાર માં ઈંગ્લીશ દારૂ લાવી સગેવગે કરવા પેરવી કરી રહ્યા હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા કાર અને ઘર માંથી 33 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે રણછોડ વસાવા ની અટકાયત કરી 60 હજારની કાર ,બે નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 1 લાખ 3 હજારનો મુદ્દામાલ કબ્જે કરી મહારાષ્ટ્ર ના સાનપ સુધાકર નામના શખ્સ ને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 14/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# ઝઘડિયા પોલીસ દ્વારા તિરંગા રેલીનું આયોજન કરવામા આવ્યું



ઝઘડિયા | આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગતરોજ ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત ઘર ઘર અને જન જન સુધી આ વિશિષ્ટ પર્વનો મહિમા પહોંચે એ હેતુથી ઝઘડીયા પી.આઈ. એસ.આર.ગાવીત ઉપસ્થિતિમાં ઝઘડીયા ગામે તિરંગા રેલીનું આયોજન કરવામા આવ્યું હતું. નાગરિકોને હર ઘર તિરંગા કાર્યક્રમને લઈને ગ્રામજનોમાં દેશપ્રેમની લાગણી જોવા મળી.

**DATE: 14/08/2022 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### ગેસ રીફીલ કરવવા આવેલાં બે ગ્રાહકો સહિત 3ની અટકાયત

# અંકલેશ્વરના સંજાલીમાં ગેસ રિફિલિંગ કરતો દુકાનદાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સંજાલીમાં જોખમી રીતે મોટી ગેસ બોટલમાંથી નાની બોટલમાં રીફીલીંગ કરનાર દુકાનદાર અને ગેસ રિફિલિંગ કરવા આવનાર 2 ઈસમોને ઝડપી પાડવામાં આવ્યાં છે.

સંજાલી ગામ ખાતે આવેલ મહારાજા નગરમાં ગેસ બોટલ રીફીલીંગ કરાઈ રહ્યું હોવાની ચોક્કસ માહિતી તાલુકા પોલીસને મળી હતી. જે આધારે તાલુકા પોલીસે મહારાજા નગર ખાતે આવેલ સાનિધ્ય કોમ્લેક્ષ ખાતે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જેમા શિવ શક્તિ એપાર્ટમેન્ટ માં રહેતા સાગર ખટીક સાનિધ્ય કોમ્લેક્ષ માં દુકાન ભાડે રાખી રાંધણ ગેસ તેમજ કોમર્શિયલ ગેસ બોટલ માંથી ગેસ નાની બોટલ માં રીફીલીંગ કરી વેચાણ કરી રહ્યો હતો. જેને પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પર ગેસ રિફિલિંગ કરવા આવેલ આવેલ નરેશ તડવી અને વિપુલ વસાવા ની પણ ધરપકડ કરી હતી અને ત્રણે વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ તેમજ આજુબાજુ લોકો નું જીવનું જોખમ ઉભું કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પર થી નાની-મોટી ગેસ ની 11 બોટલ એક વજન કાંટો અને ગેસ રિફિલિંગ પાઈપ મળી 15.400 રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો.



## જોખમી રીતે રિફિલિંગ થાય છે

અંકલેશ્વર અને આજુબાજુ ઔદ્યોગિક વસાહતમાં નોકરી કરવા આવતા પરપ્રાંતીય કામદારો છે. તેઓને જમવાનું બનાવવા ગેસની બોટલ ની જરૂરિયાત હોય છે. ભેજાબાજો દ્વારા રાંધણ ગેસ તેમજ કોમર્શિયલ ગેસ બોટલ બોગસ કનેક્શન વડે કે કોઈની ચોપડી પર મેળવી તેમાંથી બિન અધિકૃત રીતે નાની બોટલમાં ગેસ રિફિલિંગ કરાય છે